## નમ્ર અપીલ

આ નવોદિત દીની સંસ્થામાં અત્યારે ચૌદસો એંસી (૧૪૮૦) બાળકો તા'લીમ લઈ રહ્યા છે, જેમાંથી ૮૪૫ બાળકો જામિઅહ સંકુલની બોર્ડીંગમાં રહે છે. જેમાં મુખ્યત્વે એવા ગરીબ બાળકો અને પછાત ગામડાઓના બાળકો છે, જ્યાં દીની તા'લીમની યોગ્ય વ્યવસ્થા નથી અને જ્યાં મુસ્લિમોની આબાદી નહિવત્ છે. આ ભૂલકાઓમાં કેટલાક નિરાધાર છે તો કેટલાક યતીમ. જેમના ખાવા, પીવા, રહેવા, સૂવા, દવા-કપડાં વગેરેનો ખર્ચ જામિઅહ ઉઠાવે છે.

આપની આ સંસ્થામાં દીનની પ્રાથમિક તા'લીમ, હિફ્ઝે કુર્આન અને ફારસી તેમજ અરબીની દોરએ હદીષ સુધીની સંપૂર્ણ તા'લીમ આપવામાં આવે છે. આવશ્યક દુન્યવી તા'લીમનો પણ પ્રબંધ કરવામાં આવ્યો છે. જામિઅહ સંચાલિત પ્રાથમિક શાળામાં ધોરણ ૫,૬,૭, અને હાઈસ્કુલમાં એસ.એસ.સી. તથા ૧૨ સાયન્સ સુધીના વર્ગો ચાલે છે. તેમજ સમાજની ગરીબી અને નવયુવાનોની બેકારીને ધ્યાનમાં લઈ રોજગારલક્ષી ટેકનિકલ તા'લીમ જેમકે, ડીઝલ મિકેનિક, ફીટર, કોપા કોમ્પ્યુટર, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઈલેકટ્રીશયન તેમજ  કટીંગ એન્ડ સુઈંગના વર્ગો પણ શરૂ કરવામાં આવ્યા છે.

મુસ્લિમ કોમની આ ઉગતી કુંપાણોને સુંદર આકાર અને વળાંક આપવા જામિઅહને દરેક પ્રકારે મદદરૂપ થવા સમગ્ર મુસ્લિમ બિરાદરોને અમારી નમ્ર અપીલ અને વિનંતી છે. ફકત વસ્સલામ.

(હઝ. મવ. મુફતી) અહમદ યાકૂબ દેવલ્વી (સા.)
ખાદીમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર.


પત્ર વ્યવહારનું સરનામું

**JAMIAH ULOOMUL QUR'AN**

BY PASS ROAD, AT & PO. JAMBUSAR - 392150
DIST. BHARUCH (GUJARAT, INDIA)
☎ (02644) 220286 / 220786 FAX (02644) 222677
Web. : www.jamiahjambusar.com    Emial : jamia@satyam.net.in



પ્રકાશન : ૭૪


# પરવેઝી જમાત

### અને એના સ્થાપક

# ગુલામ અહમદ પરવેઝ

### બુનિયાદી ઈસ્લામી અકાઈદની દૃષ્ટિએ


મવ.હાશિમ માંગરોલી
વિદ્યાર્થી, શોબએ તદરીબુલ ઈફતા
જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર



પ્રકાશક
જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર
મુ.પો. જંબુસર. જિ. ભરૂચ. ગુજરાત.૩૯૨૧૫૦

બિસ્મિલ્લા–હિર્રહમા–નિર્રહીમ

# "પરવેઝી જમાઅત અને ઇસ્લામ"

**(૧) અલ્લાહ અને રસૂલ :–**

૧. અલ્લાહ અને રસૂલનો ભાવાર્થ મિલ્લતનું કેન્દ્ર જ છે અને " اولی الأمر" ઉલિલ અમ્રિનો અર્થ "નિચલી કક્ષાના ઓફિસરો છે.

*(મઆરિફુલ કુર્આન– પરવેઝી : ૪/૬૨૬)*

૨. કુર્આન શરીફમાં જયાં પણ અલ્લાહ અને રસૂલનું વર્ણન આવેલ છે એનો ભાવાર્થ "સરકારની વ્યવસ્થાનું કેન્દ્ર" છે.

*(મઆરિફુલ કુર્આન– પરવેઝી : ૪/૬૨૬)*

૩. ઘણું જ સ્પષ્ટ છે કે અલ્લાહ અને રસૂલનો ભાવાર્થ સરકારનું કેન્દ્ર છે.

૪. અલ્લાહ અને રસૂલનો ભાવાર્થ મુસલમાનોનો ઈમામ છે.

*(મઆરિફુલ કુર્આન– પરવેઝી : ૪/૬૨૪)*

૫. અમૂક જગ્યાએ (કુર્આન શરીફમાં અનુવાદક) અલ્લાહ અને રસૂલની જગ્યાએ કુર્આન અને રસુલના શબ્દો પણ આવ્યા છે જેનો ભાવાર્થ પણ તે જ છે એટલે "મિલ્લતનું કેન્દ્ર" જે કુર્આનના આદેશોને બહાર પાડે.

*(મઆરિફુલ કુર્આન– પરવેઝી : ૪/૬૩૦)*

૬. કુર્આને કરીમમાં મિલ્લતના કેન્દ્રને અલ્લાહ અને રસૂલના શબ્દો વડે બતાવવામાં આવ્યા છે. (મઆરિફુલ કુર્આન– પરવેઝી : ૪/૬૩૧)

**(૨) અલ્લાહ અને રસૂલની તાબેદારી :–**

૧. અલ્લાહ અને રસૂલની તાબેદારીનો ભાવાર્થ; કેન્દ્ર સરકારની તાબેદારી છે જે કુર્આનીય આદેશોને બહાર પાડશે. (ઈસ્લામી નિઝામ : ૮૬)

૨. અલ્લાહ અને રસૂલ એટલે મિલ્લતની વ્યવસ્થાના કેન્દ્રની તાકીદ કરવામાં આવેલ છે. (મઆરિફુલ કુર્આન– પરવેઝી : ૪/૬૩૧)

૩. રસૂલુલ્લાહ પછી "ખલીફતુર્રસૂલ" રસૂલુલ્લાહનું સ્થાન મેળવે છે અને હવે ખુદા અને રસૂલની તાબેદારીનો ભાવાર્થ એ જ મિલ્લતના નવા કેન્દ્રની તાબેદારીનો થાય છે. (મઆરિફુલ કુર્આન : ૪/૬૮૬)

૪. આ પવિત્ર આયતમાં સામાન્ય પણે ઉલિલ અમ્રનો ભાવાર્થ (કેન્દ્ર અને નિચલી કક્ષાના) સરકારી હોદેદારોનો લેવામાં આવે છે; અને તેનું સ્પષ્ટિકરણ એ કરવામાં આવે છે કે જો પ્રજાને સરકાર સાથે મતભેદ થઈ

જાય તો તેના સમાધાનની રીત એ છે કે કુર્આન (અલ્લાહ) અને હદીસ (રસૂલ)ને સામે રાખી વાદવિવાદ, ચર્ચા વિચારણા કરવામાં આવે; થોડો વિચાર કરો કે દુનિયામાં કોઈ સરકારની વ્યવસ્થા એ રીતે અડગ રહી શકે છે કે જેની હાલત અને પરિસ્થિતિ એવી હોય કે સરકાર એક કાયદો બહાર પાડે અને જે ઈચ્છે તે તેના વિરૂધ્ધમાં ઉભો થઈ જાય અને કુર્આન અને હદીસની કિતાબો બગલમાં દાબીને વાદ–વિવાદનું ચેલેન્જ કરી આપે ? !

આ પવિત્ર આયતનો ભાવાર્થ બિલકુલ સ્પષ્ટ છે, એમાં અલ્લાહ અને રસૂલનો ભાવાર્થ મિલ્લતનું કેન્દ્ર છે, અને ઉલિલ અમ્રનો સાર નીચલી કક્ષાના ઓફિસરો; એનો ભાવાર્થ એ છે કે જો કોઈ સ્થાનિક હોદ્દેદારો સાથે કોઈ બાબતે મતભેદ થઈ જાય તો સ્થળ ઉપર ચર્ચા વિચારણા કરવાના બદલે મતભેદવાળી બાબતને કેન્દ્ર સરકાર સામે રજૂ કરી આપો તેને કેન્દ્ર સરકાર તરફ રિફર કરી આપો; કેન્દ્રનો ચુકાદો બધા માટે માન્ય રાખવો વાજિબ છે.

*(ઈસ્લામી નિઝામ : :૧૧૦/૧૧૧)*

**(૩)રસૂલને કદાપી એ હક નથી લોકોને પોતાની તાબેદારી કરાવેઃ–**

''ઈતાઅત–તાબેદારી અલ્લાહના સિવાય કોઈ અન્યની પણ થઈ શકે છે'' એ વિચાર સરણી કુર્આનની માધ્યમિક તા'લીમના વિરૂદ્ધ છે; કારણ કે અલ્લાહના રસૂલ માટે પણ સ્પષ્ટ શબ્દોમાં વર્ણન કરવામાં આવ્યું કે રસૂલને પણ કદાપી એ હક પ્રાપ્ત નથી કે લોકોને પોતાની તાબેદારી કરાવે; જેથી અલ્લાહ અને રસૂલનો ભાવાર્થ દીનની વ્યવસ્થાનું તે કેન્દ્ર છે જયાંથી કુર્આનીય હુકમો– આદેશો બહાર પડે. (મઆરિફુલ કુર્આન પરવેઝી : ૪/૬૧૬)

**(૪) રસૂલની હેસિયત :–**

૧. અન્યોની વાત જ નથી; માનવીઓમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત વ્યકિત (મુહંમદ)નું પોઝીશન પણ એટલું જ છે કે તે આ કાનૂન–કાયાદઓને પાત્ર માનવીઓ સુધી પહોંચાડનાર જ છે; તેને પણ કોઈ હક નથી કે કોઈના ઉપર તે પોતાનો હુકમ ચલાવી શકે. ''ખુદા પોતાના કાનૂનમાં કોઈને ભાગીદાર બનાવતો નથી. (સલીમ કે નામ : ૨/૩૪)

૨.પછી એને પણ વિચારો કે રસૂલની મહોબ્બતનો શું મતલબ છે ? એનો મતલબ કુર્આને જ નક્કી કરી આપેલ છે કે જયારે નબીયે અકરમ હયાત હતા ત્યારે મિલ્લતના કેન્દ્રની હેસિયતની રૂએ આપની તાબેદારી સર્વપ્રથમ

ફરજ હતી. (મકામે હદીષ (પરવેઝી) : ૧/૧૯)

**(૫) રસૂલલની ઈતાઅત નથી કારણ કે તે જીવંત નથી :-**

અરબી ભાષામાં ઈતાઅતનો અર્થ જ કોઈ જીવંત વ્યકિતના હુકમોની તાબેદારી કરવાનો થાય છે, ઈસ્લામી વ્યવસ્થામાં જીવંત ઈમામની તાબેદારી કરવામાં આવશે જે ખુદા અને રસૂલની જગ્યાએ બિરાજમાન હશે; એટલે ઈસ્લામી સરકારની વ્યવસ્થાનું કેન્દ્ર. (ઈસ્લામી નિઝામ : ૧૧૨)

**(૬) ખત્મે નબુવ્વતનો મતલબ :-**

૧. ખત્મે નબુવ્વતનો ભાવાર્થ એ છે કે હવે દુનિયામાં પરિવર્તન વ્યકિતઓ વડે નહિં થાય, બલકે દ્રષ્ટિકોણ વડે જાહેર થયા કરશે, અને માનવી સમાજનું સંચાલન લોકોની જગ્યાએ સરકારના તાબા હેઠળ રહેશે.

*(સલીમ કે નામ : ૨૫૦)*

૨. હવે નબુવ્વતનો સિલસિલ પુરો થઈ ગયો છે એનો મતલબ એ છે કે હવે લોકોએ પોતાની જાતિ સમસ્થાઓનો ઉકેલ પોતે જ કરવાનો રહેશે; માત્ર એટલું જ ધ્યાનમાં રાખવું પડશે કે તેઓનો કોઈ ચુકાદો તે અટલ ઉસૂલોના વિરૂધ્ધ ના થઈ જાય જે વહીયે ઈલાહીએ અર્પણ કરેલ છે અને જે કુર્આનના રૂમમાં સુરક્ષિત છે. (સલીમ કે નામ : ૨/૧૨૦)

૩. તમે જોઈ લીધું સલીમ ! કે ખત્મે નબુવ્વતનો મતલબ એ થયો કે લોકોને માત્ર ઉસૂલોના માર્ગદર્શનની જરૂરત છે; તે ઉસૂલોને નજર સમક્ષ રાખી વિગતો તે પોતે નક્કી કરશે પરંતુ અમારા ત્યાં એક માન્યતા અકીદો જાહેર થઈ ગયો (અને તે જ અકીદાના ઉપર મુસલમાનો અમલ કરતા આવી રહ્યા છે) કે જીવનની દરેક સમસ્થાની વિગત પણ અગાઉથી જ નક્કી કરી દેવામાં આવી છે અને તેની વિગતોમાં કોઈ પણ જાતનો ફેરફાર નથી થઈ શકતો; આ અકીદદો તે મહાન હેતુના વિરૂધ્ધ છે જેના કારણે ખત્મે નબુવ્વતનું પરિવર્તન અમલમાં લાવવામાં આવ્યું હતું. (સલીમ કે નામ : ૨/૧૦૩)

**(૭) કુર્આન ચાલુ વર્તમાન- સમય માટે :-**

૧. હવે રહ્યો તે સવાલ કે જો ઈસ્લામમાં જાતીય મિલ્કત નથી તો પછી કુર્આનમાં વારસા વહેંચણીના આદેશો કેમ આપવામાં આવ્યા છે ? તો એનું કારણ એ છે કે કુર્આન માનવી સમાજને પોતાના નિર્ધારીત પ્રોગ્રામની આખિરી મંઝિલ સુધી ધીમે ધીમે પહોંચાડે છે; એટલા માટે જયારે કુર્આન આ પ્રોગ્રામની

આખિરી મંઝિલના વિષે ઉસૂલો અને હુકમો નક્કી કરે છે ત્યાં જ વર્તમાન યુગ માટે પણ માર્ગદર્શન આપતો જાય છે; વારસા વહેંચણી કરજ લેવું, લેવડ–દેવડ, સદકા અને ખૈરાત વિષેના હુકમો તે વર્તમાન યુગના સંબંધિત છે જેમાંથી માનવી સમાજ પસાર થઈને આખિરી મંઝિલ સુધી પહોંચી શકે છે.

*(નિઝામે રબૂબિય્યત : ૨૫)*

૨. કુર્આનમાં સદકા, ખૈરાત, વિગેરે માટે જેટલી લાલચ અને તર્ગીબ અથવા જેટલા હુકમો અને આદેશો આપવામાં આવે છે તે સર્વે આ જ વર્તમાન યુગના (        ) વિષે છે. (નિઝામે રબૂબિય્યત : ૧૬૭)

૩. ''આ વ્યવસ્થાના કાયમ થયા પછી કોઈ માણસ ગરીબ અને નાદાર રહી શકતો નથી જેથી જે ગરીબો અને નાદારો વિષે આ પ્રકારના આદેશો માત્ર વર્તમાન યુગના સંબંધિત છે. (સલીમ કે નામ : ૧/૨૪)

**(૮) મુહમ્મદી શરીચત નાબૂદ થચેલ :–**

૧. ''તુલૂએ ઈસ્લામ'' વારંવાર ચેતવણી આપતુ રહ્યું છે અને ફરી મુસ્લિમ સમાજને ચેતવી રહેલ છે કે અલ્લાહના વાસ્તે તે ચોર દરવાઝાઓને બંધ કરી આપો, દીનની બુનિયાદ અને આધાર સહીહ કુર્આન અને માત્ર કુર્આન જ છે; જેના ઉપર અમલ કરવો હંમેશાના માટે વાજિબ છે, હદીષો તે મુબારક યુગનો ઈતિહાસ છે કે અલ્લાહના રસૂલ સલ. અને સહાબાએ કિરામે પોતાના યુગમાં કુર્આનીય ઉસૂલોનું કેવી રીતે અમલી કરણ કર્યુ હતું; આ તે મુબારક યુગની શરીઅત છે; કુર્આનીય ઉસૂલોની રોશનીમાં કોઈ પણ એક વ્યકિતને મસાઈલ સાબિત કરીને પોતાના યુગ માટે શરીઅત બનાવી દેવાનો અધિકાર નથી ભલે તે ગમે તેટલો ઈત્તેબાએ મુહમ્મદીનો દાવેદાર ના હોય ! અથવા તે ગમે તેટલો રસૂલના મિજાઝને ઓળખવાનો દાવેદાર કેમ ના હોય ! બલકે એ અધિકાર માત્ર સહીહ કુર્આનીય રૂપરેખા પર આધારિત કાયમ થયેલ મુસ્લિમ સમાજના કેન્દ્ર અને તેની મજાલિસે શુરાનો છે તે કુર્આનીય ઉસૂલોની રોશનીમાં માત્ર તે મસાઈલને સાબિત કરી શકે છે અને સંકલન કરી શકે છે જેની કુર્આને સ્પષ્ટતા કરી નથી પછી આ મસાઈલ દરેક યુગમાં જરૂરત પડે તો તબ્દીલ કરી શકાય છે તે જ તે યુગની શરીયત છે.

*(મકામે હદીષ : ૧/૩૯૧)*

૨. જો અલ્લાહના રસૂલ સલ.એ બતાવેલ મસાઈલના ઉપર અમલ

કરવો એટલા જ દરજામાં વાજિબ હોત જેટલા દરજામાં કે કુર્આને બયાન કરેલ મસાઈલના ઉપર અમલ કરવો વાજિબ છે તો પછી કુર્આને પોતે તે મસાઈલને કેમ ચોક્કસ રીતે બયાન ના કરી દીધા ? આ બધા જ મસાઈલ કુર્આનમાં જ એક જગ્યાએ એકત્રિત થઈ જાત,!

જો ખુદાના આશય એ હોત કે ઝકાતનું પ્રમાણ કયામત સુધી અઢી ટકા જોઈએ તો અલ્લાહ પાક તેને કુર્આનમાં બયાન ના કરી આપત ! એનાથી અમે એક જ પરિણામ પર ઉતરીએ છીએ કે એ અલ્લાહનો આશય હતો જ નહિં; કે ઝકાતની વિગત દરેક યુગ માટે એક જ હોય ! *(મકામે હદીષ : ૨/૨૯૨–૨૯૩)*

**(૯) સંપૂર્ણ શરીયતમાં ફેરફાર :–**

૧. કુર્આનની સાથે ઈનસાનને હૃદયની દ્રષ્ટિ અને બુદ્ધિમત્તા અર્પણ થયેલ છે એટલા માટે જે બાબતોની વિગત કુર્આને બયાન કરેલ નથી તેની વિગત કુર્આનીય ઉસૂલોના પ્રકાશમાં બુદ્ધિમત્તાની રૂએ નક્કી કરવામાં આવશે; એ જ અલ્લાહના રસૂલે કર્યુ અને આપણા માટે પણ એમ કરવું કુર્આનીય આશય અને અલ્લાહના રસૂલ સલ.ની સુન્નતોના હેતુ મુજબ જ છે આ બાબતે સંસ્કાર, કારોબાર, અને ઈબાદતોમાં કોઈ તફાવત અને મહત્તા નથી જો તફાવત અને એક બીજાની મહત્તા હોત તો ઈબાદતના વિસ્તાર પૂર્વક મસઅલહ કુર્આન પોતે જ નક્કી કરી આપત. (મકામે હદીષ : ૧/૪૨૪)

૨. જે ઉસૂલોનું મેં મારા આર્ટિકલમાં વર્ણન કર્યુ છે તે કાનૂન અને ઈબાદત બન્નેને ઠીક ઠીક લાગુ પડે છે; એટલે જો અલ્લાહના રસૂલ ના નાયબ અને કુર્આનિય આદેશ મુજબ ચાલતી સરકાર, નમાઝની કોઈ બાબતને જેનું ચોક્કસ પણે કુર્આને વર્ણન કરેલ નથી તેને પોતાના યુગની માંગ અનુસાર અમૂક ફેરફાર કરવાને જરૂરી ગણે તો તે ફેરફાર કરવાને લાયક છે.

*(કુર્આની ફેસલે : પેજ–૧૪/૧૫)*

**(૧૦) હદીષનો ઈન્કાર :–**

મુસલમાનોને કુર્આનથી દૂર રાખવા માટે જે સાજિશ કરવામાં આવી તેમાંથી સર્વપ્રથમ એ અકીદહ માન્યતા ઉભી કરવાની હતી કે "અલ્લાહના રસૂલને આ વહી જે કુર્આનમાં સુરક્ષિત છે તેના સિવાય એક અન્ય વહી પણ આપવામાં આવી જે કુર્આનના સાથે કુર્આન જેવી જ છે તે વહી રિવયાતોમાં વર્ણાયેલ છે; એટલા માટે રિવાયતો દીન જ છે" આ અકીદહ ઘડવામાં આવ્યો

અને એની સાથે સાથે મનઘડત રિવાયતો બનાવવાનો પ્રારંભ કરી દેવામાં આવ્યો અને જોતાં જોતાં રિવાયતોનો એક ઢગલો ભેગો થઈ ગયો, એવી રીતે એક દીન જે અલ્લાહે આપ્યો હતો તેની સાથે એક બીજો દીન તૈયાર કરી દીધો, અને તેને અલ્લાહના રસૂલ સલ.ની સુન્નતની તાબેદારી ઠેરવીને ઉમ્મતને તેમાં સંડોવી નાંખી. (મકામે હદીષ : ૧/૪૨૧)

**(૧૧) મુસલમાનોનો મઝહબ હદીષ એટલે જુઠ છે :-**

સારાંશ કે જુઠ પહેલી સ્કિમના તાબા હેઠળ બોલવામાં આવ્યાં હોય કે પાછળથી; મસ્જીદના "બેવકૂફો"એ "નેક કામો"માટે એ જુઠની તરફેણ કરી; પરિણામ બન્નેનું એક છે. એટલે એ જુઠ મુસલમાનોનો મઝહબ બની ગયો, વહીયે ગેર મત્લૂ (એવી વહી જેની તિલાવત કરવામાં આવતી ન હોય– અનુવાદક) એનું નામ રાખીને તેને કુર્આનની સાથે રાખીને કુર્આનના સમરક્ષ ઠેરવવામાં આવ્યું. (મકામે હદીષ : ૨/૧૨૨)

**(૧૨) હદીષોનો મજાક ઉડાવવો :-**

આવો ! અમે તમોને અમૂક દાખલાઓ બતાવીએ તે "પવિત્ર હદીષોના જે હદીષની અત્યંત સહીહ કિતાબોમાં સુરક્ષિત છે, અને જે મુલ્લાંની વ્યર્થ સમજ અને મર્યાદિત વિચાર સરણીના કારણે આપણાં દીનનો ભાગ બની ચૂકેલ છે, જેઓ ! તે હદીષોની રૂએ તે જ જન્નત જેની પ્રાપ્તીની કુર્આનીય રીત ઉપર વર્ણન કરવામાં આવી છે કેટલી ઓછી મહેનતે પ્રાપ્ત થઈ જાય છે.

લ્યો ! હવે રિવાયતોની રૂએ જન્નતની ટીકીટ ખરીદી લો, જુઓ કેટલી સસ્તી જઈ રહેલ છે;

"સર્વ પ્રથમ સલામુ અલયકુમ કહી લો અને હાથ મેળવી લો; જન્નત મળી ગઈ, અબૂ દાઉદની રિવયાત છે કે હુઝૂર સલ.એ ફરમાવ્યું "જયારે બે મુસલમાન મુસાફહ કરે છે ત્યારે એ બન્નેના અલગ થતાં પહેલાં અલ્લાહ તઆલા તેઓને બક્ષી આપે છે"

હવે મસ્જીદમાં જાવ, અને વુઝૂ કરો, જન્નત હાજર છે;

મુસ્લિમની હદીષ છે કે વુઝૂ કરનારના સઘળા ગુનાહ પાણીના સાથે ટપકી જાય છે, પાણીનું છેલ્લું ટીપુ દરેક અવયવના છેલ્લા ગુનાહને લઈ ટપકે છે.

બોલો ? જન્નત કેટલી સસ્તી થઈ ગઈ ! વુઝૂ કર્ય એટલે એના બધા

ગુનાહો પાણી સાથે ટપકી ગયા, અને જો એના સાથે બે રકાત નફિલ પઢી લીધી તો રસૂલ સલ.થી પણ આગળ આગળ જન્નતમાં પહોંચી ગયા.

એનાથી પણ સરળ ! મુસ્લિમની હદીષ છે કે જે માણસ અઝાન દેનારના સાથે અઝાનના શબ્દો પઢે છે.......તો તે માણસ જન્નતમાં જશે.

જેને કાયદા–કાનૂનની પરિભાષામાં જુર્મ કહેવામાં આવે છે તેને મઝહબની ભાષામાં ગુનોહ કહેવામાં આવે છે જુર્મ એક વખતનો પણ હોય તે ઓછો નથી હોતો, પરંતુ સામાન્ય મુજરિમ માટે સમાજ અને સોસાયટીમાં સ્થળ નથી હોતુ, એનાથી વિરૂધ્ધ મુલ્લાના મઝહબે જરાઈમ–ગુનાહો માટે એવા લાયસન્સ આપી દીધેલ છે કે સવારથી સાંજ સુધી ગુનાહના ઉપર ગુનાહ કરતા રહો પરંતુ સાથે સાથે નમાઝો પઢતા રહો બધા ગુનાહો માફ થતા રહેશે. તિર્મિઝીની હદીષ છે કે ચાલીસ દિવસ સુધી તકબીરે ઉલાના સાથે નમાઝ જમાત સાથે પઢનાર દોઝખ અને નિફાક બન્નેથી દૂર કરી દેવામાં આવે છે.

લો, એક ચિલ્લુ પુરૂ કરી લો અને જીવનભર માટે જે ઈચ્છો તે કરતા રહો દોઝખમાં તમે કદાપી નહિં જઈ શકો. (મકામે હદીષ : ૨/૯૬થી ૧૦૦)

**(૧૩) દુનિયામાં ઇસ્લામ કોઈ જગ્યાએ નથી :–**

આ તેરસો વરસના સમયમાં મુસલમાનોની શકિત એમાં લાગી રહી કે કોઈ પણ રીતે ઈસ્લામને કુર્આન આવતાં પહેલાના યુગના મઝહબમાં તબદીલ કરી આપવામાં આવે જેથી તેઓ પ્રચલિત છે તો કુર્આન આવવા પહેલાના યુગનો મઝહબ હોય તો હોય ! કુર્આનિય દીન– મઝહબ સાથે એને સંબંધ નથી. (સલીમ કે નામ : પેજ ૨૫૧ થી ૨૫૨)

**(૧૪) અલ્લાહ તઆલાની જાત :–**

અને કારણ કે ખુદા નામ છે તે ઉચ્ચ ગુણોનું જેને ઈન્સાન પોતાના ભિતરમાં તેની છબી બનાવવા માંગે છે એટલા માટે ખુદાના કાનૂનોની પાબંદી એ વાસ્તવિકમાં માનવીની પોતાની ઉચ્ચ પ્રકૃતિની તાબેદારી છે.

*(મઆરિફુલ કુર્આન : ૪/૪૨૦)*

**(૧૫) આખિરતનો ભાવાર્થ ભવિષ્યકાળ :–**

કુર્આન ભુતકાળના તરફ નજર રાખવાના બદલે હંમેશા ભવિષ્યકાળને સામે રાખવાની તાકીદ કરે છે એનું નામ જ ઈમાન બિલ આખિરત છે અને એ પોતે જ એક મહાન પરિવર્તન છે જેને રિસાલતે મુહંમ્મદિય્યએ માનવીઓની

નજરમાં ઉત્પન્ન કરેલ છે; એટલે હંમેશા ભવિષ્ય ઉપર નજર રાખવી. ''وَبِالاٰخِرِةِ هُمْ يُوْقِنُونَ '' આ જીવનમાં પણ અને તેના પછીના જીવનમાં પણ.

(સલીમ કે નામ : ૨/૧૨૪)

**(૧૬) જન્નત અને દોઝખ :-**

૧. ''સારાંશ કે મૃત્યુ પછીની જન્નત અને જહન્નમ'' સ્થળો નથી, મનુષ્યની જાતની કેફિયત છે. (લુગાતુલ કુર્આન : પેજ ૪૪૯)

**(૧૭) ફરિશ્તાઓ :-**

૧. એનાથી સ્પષ્ટ છે કે આ સ્થાળોમાં ફરિશ્તાઓનો મતલબ તે માનસિક પ્રબળો છે જે માનવીઓના હૃદયમાં અસરો ઉત્પન્ન કરે છે.

*(ઈબ્લીસ વ આદમ : પેજ ૧૯૫)*

૨. કુર્આને કરીમે ''ફરિશ્તાઓ ઉપર ઈમાન''ને ઈમાનના ભાગોમાંથી ઠેરવેલ છે, એટલે એક માણસના મુસલમાન થવા માટે જરૂરી છે કે તે અલ્લાહ, કિતાબો, રસૂલો, આખિરત પર ઈમાન લાવવાના સાથે સાથે ફરિશ્તાઓ ઉપર પણ ઈમાન લાવે.

સવાલ એ છે કે ફરિશ્તાઓ પર લાવવાનો શું અર્થ થાય છે ?

એનો અર્થ એ થાય છે કે ફરિશ્તાઓના વિષે તે દ્રષ્ટિકોણ રાખવામાં આવે જેને કુર્આને રજૂ કરેલ છે, અને તેઓને તે જ સ્થળ આપવામાં આવે જે કુર્આને તેઓ માટે રજૂ કરેલ છે, ફરિશ્તાઓ વિષે કુર્આનમાં છે કે તેઓએ આદમને સિજદો કર્યો, અર્થાત તેઓ આદમ સામે નમન કરી ચુકયા, જેમકે આદમના શિર્ષક હેઠળ બતાવવામાં આવેલ છે, આદમનો ભાવાર્થ આદમી (અથવા મનુષ્ય જાતિ) છે. જેથી ફરિશ્તાઓના આદમ સામે નમન કરવાનો મતલબ એ છે કે એ તે તાકતો જેને માનવી અંકુશમાં લાવી શકે છે, તેઓએ માનવીઓ સામે જુકીને જ રહેવું જોઈએ બ્રહ્માંડની જે તાકતો હજુ સુધી આપણાં સંશોધનમાં આવી નથી તેને છોડી આપો, તે તાકતો આપણી જાણમાં આવી ચુકેલ છે તેના વિષે સહીહ ઈમાન એ હશે કે તે સર્વે તાકતોએ મનુષ્યના સામે જુકી જવું જોઈએ હવે સ્પષ્ટ છે કે જે પ્રજાના સામે બ્રહ્માંડની તાકતો જુકતી નથી તે પ્રજા કુર્આનની રૂએ ઈન્સાનિય્યતની કતારમાં ગણવાના લાયક નથી તો પછી એને મો'મિનોની જમાત કેવી રીતે કહેવામાં આવશે કારણ કે મો'મિનોનું સ્થળ અન્ય માનવીઓ કરતાં ઉચ્ચ છે.

*(લુગાતુલ કુર્આન : ૧/૨૪૪)*

**(૧૮) જિબ્રઈલ :–**

વાસ્તવિકતા ખોલવાની રોશનીને જિબ્રઈલના નામે ઓળખવામાં આવી. (ઈબ્લીસ વ આદમ : પેજ ૨૮૩)

**(૧૯) કુર્આને પાકના ભાવાર્થમાં બેદીની :–**

નમૂનારૂપે માત્ર સૂરએ ફાતિહાની સાત આયતોની તફસીર આયતોના નંબર મુજબ લખવામાં આવે છે.

૧. જીવનનો દરેક સુંદર નકશો અને બ્રહ્માંડમાં વજૂદ ધરાવતી દરેક વસ્તુ; બ્રહ્માંડના સર્જનહાર પાલણ– પોષણ કરવાની એવી માનનીય નિશાની છે જે ભિતરની દ્રષ્ટિ ધરાવતા દરેક માણસને વખાણ કરવા પર મજબૂર કરે છે.

૨. તે વ્યવસ્થા જે બ્રહ્માંડની દરેક બાબતો અને દુનિયાની માનવતાને તેઓમાં છુપાયેલ લાયકાતોની વૃધ્ધિથી લઈ સંપૂર્ણ સુધી લઈ જાય છે. સામાન્ય હાલતમાં ધીમે ધીમે અને હંગામી હાલતમાં પરિવર્તન મારફતે.

૩. માનવીને આ સર્વત્ર વૃધ્ધિનો માલ સામાન વિના મુલ્યે મળે છે, પરંતુ તેના શરીરની વૃધ્ધિ અને પ્રગતિનું સ્થાન તેના અમલ મુજબ હોય છે જેના પરિણામો અલ્લાહના તે બદલો આપવાના કાનૂન મુજબ પ્રગટ થાય છે જેના ઉપર તે અંકુશ ધરાવે છે.

૪. એ જગતની માનવતાને અતિવૃધ્ધિ આપનાર ! અમે તારા આ જ ઈન્સાફ અને પલાણ– પોષણના કાયદાને અમારી ઝિંદગી માટે કાનૂન બનાવીએ છીએ અને તેના સામે જ નમન કરીએ છીએ. તું અમોને એવી તૌફિક અર્પણ ફરમાવ કે તારા નક્કી કરેલ પ્રોગ્રામ મુજબ અમારી લાયકાતોની યોગ્ય અને સંપૂર્ણ વૃધ્ધિ કરી શકીએ અને પછી તારા જ બતાવેલ માર્ગ મુજબ ખર્ચ કરી શકીએ.

૫. અમારી એ તમન્ના છે કે આ પ્રોગ્રામ અને માર્ગ, જે માનવી જીવનને તેના નિર્ધારિત સ્થળ સુધી લઈ જવાનો સત્ય માર્ગ છે ચકચકિત થઈને અમારી સામે આવી જાય.

૬. આ તે જ માર્ગ છે જેના ઉપર ચાલીને પાછલા ઈતિહાસમાં ભાગ્યશાળી જમાઅતો જીવનના સુખ, ઉચ્ચ સ્થાનની પ્રાપ્તી, અને જીવન

પસાર કરવાના સાધનો વિશાળતા વિગેરેને મેળવી ભાગ્યશાળી બની ગઈ.

૭. અને તેઓનું પરિણામ દુર્ભાગ્ય લોકો જેવું ન થયું હતું, જેઓ માનવતાને સળગાવી દે એવા ગુનાહિત કાર્યો કરવાના કારણે સર્વત્ર નાબૂદ થઈ ગયા, જેઓ પોતાના જીવનના સતમાર્ગથી ભટકીને પોતાના પ્રયાસોનું પરિણામ મેળવી ન શકયા, અને એવી રીતે તેઓના જીવનનો સફર ઝાંઝવાના જળમાં અને વહેમ પસ્તીમાં ખોવાય ગયો. (મફહૂમુલ કુર્આન : ૧/૧)

**(૨૦) :-**

આપણે ત્યાં સામાન્ય રીતે એ સમજવામાં આવે છે કે તે "આદમ" જેમના જન્નતથી નીકળવાની વાત કુર્આનના અલગ અલગ સ્થળોમાં વર્ણન થયેલ છે તેઓ નબી હતા; કુર્આનથી તે પુરવાર થતું નથી, કુર્આને કરીમે અનેક સ્થળો પર જે આદમના કિસ્સાની વિગત વર્ણન કરેલ છે તેનાથી પુરવાર થાય છે કે જન્નતથી નીકળનાર આદમ તે કોઈ ખાસ વ્યકિત ન હતી બલકે માનવતાનું એક ઉદાહરણ અને દ્રષ્ટાંત હતું, અન્ય શબ્દોમાં : આદમનો કિસ્સો ખાસ વ્યકિતનો કિસ્સો નથી બલ્કે આદમીની દાસ્તાન છે જેને કુર્આને દ્રષ્ટાંત રૂપે વર્ણન કરેલ છે. (લુગાતુલ કુર્આન : ૧/૨૧૪)

**(૨૧)હુઝૂર સલ.ને કોઈ હિસ્સી મોઅજિઝહ આપવામાં નથી આવ્યો :-**

૧. રસૂલે અકરમને કુર્આનના સિવાય કોઈ મોઅજિઝહ નથી આપવામાં આવ્યો. (સલીમ કે નામ : ૩/૩૬)

૨. વિરૂધીઓ વારંવાર નબીએ અકરમ પાસે મોઅજિઝહની માંગણી કરતા રહ્યા, અને અલ્લાહ તઆલાએ દરેક વાર તેઓની માંગણીને એમ કહીને રદ કરી આપી કે અમે રસૂલને કોઈ હિસ્સી મોઅજિઝહ આપ્યો નથી, તેના મોઅજિઝહ માત્ર બે જ છે;

એક આ કિતાબ જેના જેવી કિતાબ કોઈ રજૂ નથી કરી શકતું, બીજો તેના રસૂલનું જીવનચરિત્ર; જેઓ સંસ્કારના ઉચ્ચ સ્થાન પર બિરાજમાન છે. એના સિવાય તમે મોઅજિઝહ જોવા માંગો તો પૃથ્વી અને આકાશમાં મનન કરો ડગલે અને પગલે મોઅજિઝહ જોવા મળશે.

વિચાર કરો સલીમ ! હુઝૂર નબીયે અકરમને તો કોઈ પણ હિસ્સી મોઅજિઝહ આપવામાં આવતો નથી. (સલીમ કે નામ : ૪/૯૧–૯૨)

૩. નબીએ અકરમને કુર્આનના સિવાય (જે અકલી મોઅજિઝહ છે

અન્ય કોઈ મોઅજિઝહ આપવામાં આવ્યો નથી.

*(મઆરિફુલ કુર્આન : ૪/૭૩૧)*

**(૨૨) મેઅરાજનો ઈનકાર :–**

સૂરએ બની ઈસ્રાઈલની આયતમાં જણાવવામાં આવ્યું કે ખુદા પોતાના બંદાને રાત્રીના સમયે મસ્જીદે હરામથી મસ્જીદે અકસા સુધી લઈ ગયો જેથી ત્યાંથી પોતાની નિશાનીઓ બતલાવે... માનવું છે કે જો આ સ્વપ્નાનો બનાવ નથી તો એ હુઝૂરની હિજરતની રાતનું વર્ણન છે તે રીતે મસ્જીદે અકસાનો મતલબ મસ્જીદે નબવી હશે, જેને આપે મદીનહ મુનવ્વરહ જઈ તા'મીર કરી.

*(મઆરિફુલ કુર્આન : ૪/૭૩૬)*

**(૨૩) તકદીરના અકીદહનો ઈનકાર :–**

મજૂસી લોકોએ એવી ચુપકેદીના સાથે કામ કર્યુ કે કોઈને તેનો અણસાર પણ થયો નહિં અને ઈસ્લામની ગાડી એક લાઈન પરથી બીજી લાઈન ઉપર જઈ પડી; તેઓએ તકદીરના મસ્અલાને એટલી મહત્તા આપી કે તેને મુસલમાનોના ઈમાનનો ભાગ બનાવી દીધો; આપણા ઈમાનમાં "વલ કદ્રિ ખયરિહિ વ શર્રિહિ મિનલ્લાહિ તઆલા" મજૂસીયોએ જ વધારેલ છે.

*(કુર્આની ફેસલે : પેજ ૧૯૦)*

**(૨૪) વઝને આ'માલનું અફીણ :–**

આ ચૌધરીપણાંએ જેને આપણે ત્યાં મુલ્લાપણાંનું નામ આપવામાં આવે છે ધીમે ધીમે મુસલમાનોને એ અફીણ પીવડાવવાનું શરૂ કર્યુ કે દુનિયાનો કારોબાર દુનિયાદારોનો ભાગ છે જેઓ મુરદાર દુનિયા પાછળ પડેલ છે, મઝહબ માનવીના પરિણામને સારા બનાવવા માટે છે, તેણે જેટલા હુકમો આપી રાખ્યા છે તેના વિષે કદાપી એમ સવાલના કરો કે એનું પરિણામ શું છે ? એ ખુદાની વાતો છે, જેને ખુદા જ જાણી શકે છે, મઝહબમાં અકલને દખલ દેવાનું કોઈ કામ નથી, તમે માત્ર એટલું સમજી લો કે ફલાણી બાબતનો હુકમ છે એટલે તેને કરવું છે અને તેનો સવાબ તમારા આ'માલનામામાં લખવામાં આવશે અને આ બધી ચીઠ્ઠીઓ કયામતના દિવસે ત્રાજવામાં રાખવામાં આવશે અને તોલવામાં આવશે અને જન્નતમાં લઈ જવાનું કારણ બનશે.

*(કુર્આની ફેસલે : પેજ ૬૭)*

**(૨૫) પ્રગતિનો દ્રષ્ટિકોણ :–**

એ પ્રશ્ન કે દુનિયામાં સર્વપ્રથમ માનવી કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો?

માનવી દિમાગ માટે હજાર વાર હેરત અને આશ્ચર્યજનક બાબત છે, તે મઝહબોમાં જેમાં વહમપરસ્તીએ વાસ્તવિકતાનું સ્થળ મેળવી લીધેલ છે આ અકીદાની સમજુતી પ્રત્યે આશ્ચર્યજનક અફસાનાઓ વડે કામ લેવામાં આવ્યું, પરંતુ કુર્આને કરીમે જે કંઈ બતાવેલ છે તે બિલકુલ તે જ છે જેની તરફ જ્ઞાન અને ભીતરની દ્રષ્ટિની શોધખોળ માર્ગ દર્શન આપી રહેલ છે, સાયન્સની શોધખોળની રૂએ પૃથ્વીના રજકણો વિવિધ પ્રગતિદાયક સ્થળો પાર કરીને સદીયો પછી માનવીના રૂપમાં અવતરેલ છે; એટલે સર્વ પ્રથમ કોઈ એક વ્યકિત માનવીના રૂપમાં અવતરેલ નથી બલ્કે એક પ્રકારે જનમ લીધો વિવિધ પરિસ્થિતિઓથી પસાર થવાનો ઉલ્લેખ કુર્આને કરીમની આયતોમાં અનોખી રીતે વર્ણન થયેલ છે. (ઈબ્લીસ વ આદમ : ૬૩–૬૪)

**(૨૬) ઇસ્લામના અરકાન :–**

ઈસ્લામી જીવનની વ્યવસ્થામાં આ પરિવર્તન તે દિવસથી થયું જયારથી દીન, મઝહબમાં બદલાય ગયો, હવે આપણી નમાઝ તે જ છે જે મઝહબમાં પુંજાપાટ અને ઈશ્વરભકિત કહેવાય છે, આપણાં રોઝા તે જ છે જેને મજહબમાં વરત કહેવાય છે, આપણી ઝકાત તે જ છે જેને મઝહબમાં દાન અથવા ખેરાત કહેવાય છે, આપણી હજ મઝહબની યાત્રા છે; આપણા ત્યાં આ કાર્યો એટલા માટે કરવામાં આવે છે કે એનાથી સવાબ મળે છે મઝહબમાં એને જ પુન કહેવાય છે અને સવાબથી મુકિત મળે છે તમોએ જોયું કે દીન (જીવનની વ્યવસ્થા) એકદમ કેવી રીતે મઝહબ બની ગયો ! ? હવે આ બધી ઈબાદતો એટલા માટે અદા કરવામાં આવે છે કે એ ખુદાનો આદશે છે; આ બાબતોના તો ફાયદા કારક છે અને તો તેને બુધ્ધિ કે ભીતરની દ્રષ્ટિ સાથે કોઈ સંબંધ છે; આજે આપણે તે જ સ્થળ પર છીએ જે સ્થળ પર દુનિયા ઈસ્લામના પહેલાં હતી. (કુર્આની ફેસલે પેજ : ૩૦૧–૩૦૨)

**(૨૭) નમાઝ :–**

૧. મજૂસિયો (પારસીયો)ની પરિભાષામાં પુંજાની વીધીને નમાઝ કહેવામાં આવે છે, આ શબ્દ તેમનો છે અને તેમની કિતાબોમાં વપરાયેલ છે એટલે સલાત શબ્દની જગ્યાએ નમાઝ શબ્દ આવી ગયો અને કુર્આનની પરિભાષા "اقيموا الصلوة" અર્થ થઈ ગયો; નમાઝ પઢો. જયારે ગાડીની લાઈન આ રીતે બદલાય ગઈ તો પછી ગાડીના દરેક પૈંડાનો ચક્કર વધુ દૂર

લઈ જતો રહ્યો. જેથી અત્યારે એ હાલત થઈ ગઈ છે કે " اقيموا الصلوة" નો શબ્દ સાંભળીને દિમાગમાં નમાઝના સિવાય બીજો કોઈ અર્થ આવતો જ નથી અને નમાઝ પઢવાનો ભાવાર્થ ખુદાની પુંજા કરવાનો થાય છે.

*(કુર્આની ફૈસલે : પેજ ૨૬–૨૭)*

૨. કુર્આને કરીમે નમાઝ પઢવાનો હુકમ નથી આપ્યો; કિયામે સલાત એટલે નમાઝના નિઝામને કાયમ કરવાનો હુકમ આપ્યો છે; મુસલમાનો નમાઝ તો પઢે છે પરંતુ તેઓએ નમાઝના નિઝામને કાયમ કર્યો નથી, એમની નમાઝ એક ચોક્કસ વખત માટે, એક ઈમારત (મસ્જીદ)ની ચાર દિવાલોના વચ્ચે, એક હંગામી અમલ બનીને રહી જાય છે.

*(મઆરિફુલ કુર્આન : ૪/૩૨૮)*

**પરવેઝની પરિભાષામાં નમાઝનો ભાવાર્થ :–**

૩. સમાજને તે બુનિયાદો ઉપર ઉભો કરવો જેના ઉપર માનવ સમાજને પાલવવાની ઈમારત બનતી જાય; દિલ અને નજરનું પરિવર્તન થવું જે આ સમાજની આત્મા છે.

**(૨૮) ઓછામાં ઓછી બે વખતની નમાઝ :–**

સૂરએ નૂરમાં ફજરની નમાઝ અને ઈશાની નમાઝનું વર્ણન થયેલ છે; જયાં એ કહેવામાં આવ્યું છે કે તમારા ઘરના ચાકરોએ તમારા (PRIVACY) ના સમયે પરવાનગી લઈને આવ્યા કરે ત્યાં ફરમાવ્યું છે :

مِنۡ قَبۡلِ صَلٰوةِ الفَجۡرِ وَحِيۡنَ تَضَعُوۡنَ ثِيَابَكُمۡ مِّنَ الظَّهِيۡرَةِ
وَمِنۡ بَعۡدِ صَلٰوةِ العِشَاءِ

સલાતુલ ફજરના પહેલાં અને બપોરે જયારે તમે કપડાં ઉતારી દો છે ત્યારે અને સલાતુલ ઈશા પછી એનાથી સ્પષ્ટ થાય છે કે અલ્લાહના રસૂલ સલ.ના યુગમાં નમાઝ માટે એકત્રિત થવાના ઓછામાં ઓછા આ બે સમય નક્કી હતા; એટલે જ કુર્આને બન્નેના નામો લઈ વર્ણન કર્યુ.

*(લુગાતુલ કુર્આન : ૩/૪૩–૪૪)*

**(૨૯) નમાઝમાં ફેરફાર :–**

જે ઉસૂલોનું મારા આર્ટિકલમાં વર્ણન કર્યુ છે તે કાનૂન અને ઈબાદત બન્નેને લાગુ પડશે, એટલે જો અલ્લાહના રસૂલની નાયબ એટલે કુર્આનીય સરકાર નમાઝની કોઈ એકાદ બાબતને જેને કુર્આને નક્કી નથી કરેલ તેને પોતાના યુગના કોઈ તકાજા હેઠળ ફેરફાર કરવા ઈચ્છે તો તે ફેરફાર કરવાને

લાયક છે. (કુર્આન ફેસલે : પેજ ૧૪–૧૫)

**(૩૦) ઝકાત :–**

૧. ઝકાત એક ટેક્ષ જ છે જેને ઈસ્લામી સરકાર મુસલમાનો ઉપર લાગુ પડે આ ટેક્ષનું કોઈ પ્રમાણ નક્કી કરવામાં નથી આવ્યું; એટલા માટે કે ટેક્ષની મર્યાદા અને પ્રમાણ મુસ્લિમ સમાજની જરૂરતોના ઉપર આધારિત છે, અહિંયા સુધી કે અમૂક હંગામી હાલતમાં એ બધુ વસૂલ કરી શકે છે જે કોઈ જરૂરતથી પણ વધારે હોય ! જેથી કોઈ જગ્યાએ ઈસ્લામી સરકાર ના હોય તો ઝકાત પણ બાકી રહેતી નથી. (કુર્આની ફેસલે : ૩૫)

૨.સ્પષ્ટ વાત છે કે આપણી સરકાર હજુ ઈસ્લામી સરકાર નથી, એટલા માટે જેમકે ઉપર લખવામાં આવ્યું છે અત્યારે ઝકાતનો સવાલ જ ઉપસ્થિત થતો નથી, સરકાર ટેક્ષ વસૂલ કરી રહેલ છે જો સરકાર, ઈસ્લામી સરકાર બની જશે તો એ જ ટેક્ષ ઝકાત થઈ જશે, એક તરફ ટેક્ષ અને બીજી તરફ ઝકાત, કૈસર અને ખુદાની બીન ઈસ્લામી તફરીક છે.

*(કુર્આન ફેસલે : ૩૭)*

૩. ખિલાફતે રાશિદાહએ પોતાના યુગની જરૂરત જો ઝકાતનું પ્રમાણ અઢી ટકા યોગ્ય સમજયું હતું તો તે સયમનું આ જ પ્રમાણ શરીયત મુજબ હતું; અને આજે કોઈ ઈસ્લામી સરકાર પોતાની જરૂરતોને નજર સમક્ષ રાખી વીસ ટકા ઝકાત નક્કી કરે તો એ જ વીસ ટકા શરીયત મુજબ ઝકાતનું પ્રમાણ લેખાશે અને જયારે કુર્આનિય નિઝામ પોતાના આખિરી સ્વરૂપમાં કાયમ થશે ત્યારે તેનો પ્રકાર બીજો જ હશે. (સલીમ કે નામ : પેજ ૭૭–૭૮)

૪. ઝકાત એટલે સરકારી ટેક્ષના પ્રમાણમાં ફેરફાર કરવાની જરૂરત એક એવી વાસ્તવિકતા છે કે જેના માટે દલીલની જરૂરત નથી.

*(કુર્આની ફેસલા : ૧૨)*

૫. ઝકાતનો મતલબ અઢી ટકા ટેક્ષ નથી બલકે તે એક પ્રોગ્રામ છે જેને પરિપૂર્ણ કરવો એક મો'મિનની જવાબદારી છે. (નિઝામે રબૂબિય્યત : ૧૬૪)

૬. ઈતાએ ઝકાત–મનુષ્યોની ભરણ પોષણનો સામાન પહોંચાડવો.

*(નિઝામે રબૂબિય્યત : ૮૭)*

**(૩૧) સદકાત અને સદકએ ફિત્ર :–**

૧. સદકાત તે ટેક્ષોનું નામ છે જે ઈસ્લામી સરકાર તરફથી હંગામી જરૂરત અર્થે લાદવામાં આવે છે એમાંથી સદકએ ફિત્ર પણ છે.

*(નિઝામે રબૂબિય્યત : ૮૭)*

૨. હવે અલ્લાહના રસૂલ સલ.ની સુન્નતનો માત્ર તે ભાગ વર્ણન કરવામાં આવે છે કે નમાઝથી પહેલાં સદકએ ફિત્ર કાઢીને પોતાની રીતે ગરીબોને વહેંચી દેવામાં આવે; જો એમ નહિં કરવામાં આવશે તો રોઝહ લટકેલા રહેશે, ખુદા સુધી પહોંચશે નહિં; જાણે કે સદકએ ફિત્ર મિલ્લતના સામુહિક કાર્યો માટે નથી બલકે પોષ્ટની ટીકિટ છે, જેને રોઝા ઉપર ચોંટાડીને લેટર બોક્ષમાં નાંખવામાં આવે છે જેથી રોઝા જેને કાગળ લખવામાં આવ્યો છે એટલે અલ્લાહ સુધી પહોંચી જાય; તમે વિચાર કર્યો વાત શું હતી અને શું બની ગઈ ! પરંતુ જયાં સુધી દીનની લગામ મોલવીઓના હાથમાં રહેશે ત્યાં સુધી ઝકાત આપવામાં આવતી રહેશે, કુર્બાનીઓ થતી રહેશે, લોકો હજ પણ કરતા રહેશે અને રાબેતા મુજબ મુસ્લિમ પ્રજા ભુખી, નાંગી અને ઘરબાર વિનાની, ઈસ્લામના સિરે કલંકનું કારણ બનેલી રહેશે, કેટલો ભયાનક આ દુશ્મનોના તરફથી બદલો લેવાય રહ્યો છે જે હજાર વર્ષથી મુસલમાનોથી લેવાય રહ્યો છે અને થોડો વિચાર કરો ! આ બદલો લેવા માટે હાથો કોને બનાવવામાં આવી રહ્યો છે ? (કુર્આની ફેસલે : પેજ ૫૧–૫૨)

**(૩૨) હજ્જ :–**

૧. નમાઝ તેમની પુંજાપાટ, હજ એમની યાત્રા, હજ કરવા જાય છે જેથી જીવનભરના ગુનાહોથી પવિત્ર થઈ જાય અને પાછા ફરે છે ત્યારે ડ્રમમાં ઝમઝમનું પાણી સાથે લઈ આવે છે જેથી મૈય્યિતના કફન ઉપર છાંટવામાં કામ લાગે. (મઆરિફુલ કુર્આન : ૪/૩૯૨)

૨. પ્રથમ તો હજ પોતાનો હેતુ છોડીને માત્ર યાત્રા જ બની ગયેલ છે, હાજી ત્યાં એટલા માટે જાય છે કે પોતાના પાછલા ગુનાહોને ઝમઝમના પાણીથી ધોઈ એવી રીતે પાછા ફરે જેમકે બાળક માંના પેટથી જનમ લે છે.

*(કુર્આની ફેસલે : પેજ ૬૩)*

૩. હજ આલમે ઈસ્લામીનો તે આલમી ઈજતિમા છે જે આ ઉમ્મતના મધ્યબિંદુ– કા'બામાં એ મકસદે કરવામાં આવે છે કે મિલ્લતની દરેક બાબતોનો ઉકેલ કુર્આનીય દલીલો વડે શોધવામાં આવે અને એવી રીતે ઉમ્મત પોતાના ફાયદાની બાબતો પોતાની નરી આંખે નિહાળી લે.

*(લુગાતુલ કુર્આન : ૨/૪૭૪)*

૪. હજના સ્થળ સિવાય અન્ય બીજી જગ્યાઓએ એટલે પોતાના

શહેરોમાં કુર્બાની કરવાનો કોઈ આદેશ નથી, એટલે સમગ્ર વિશ્વમાં પોતાની રૂએ કુર્બાની કરવાનો રિવાજ....... થોડો વિચાર કરો કે આ ગરીબ પ્રજાના દરેક વર્ષે કેટલા રૂપિયા વ્યર્થ વપરાય છે.....દાખલા તરીકે માત્ર તમે એક કરાંચી શહેરને જુઓ આઠ– દસ લાખની વસ્તીમાં જો પચાસ હજાર માણસો પણ કુર્બાની આપે અને એ જ જાનવરની કિંમત ત્રીસ રૂપિયા પણ ગણવામાં આવે તો પંદર લાખ રૂપિયા માત્ર એક જ શહેરમાં વ્યર્થ જશે, એ હિસાબે આખા પાકિસ્તાનનો હિસાબ લગાવો અને એવી રીતે આખી દુનિયાનો હિસાબ લગાવો અને પછી વિચારો કે આપણે કયાં જઈ રહ્યા છીએ ?

પરંતુ જો આપણને વિચાર કરતાં આવડી જાય તો પછી આપણી બરબાદી કેવી રીતે થાય ? (કુર્આની ફેસલે : પેજ, ૫૫–૫૬)

૫. ધાર્મિક રિવાજોની એ ઉધઈ ખાધેલ લાકડીઓને અડગ રાખવા માટે જાતજાતના સહારા આપવા પડે છે, કયારેક કુર્બાનીને સુન્નતે ઈબ્રાહીમી બતાવવામાં આવે છે, કયાંક ઝકાતના નિસાબના માલિક ઉપર વાજિબ ઠેરવવામાં આવે છે, કયાંક અલ્લાહની નજદીકી પ્રાપ્ત કરવાનું સાધન બતાવવામાં આવે છે, કયાંક પુલસિરાત પરથી સુરક્ષિત પસાર થઈ જવાનું સાધન બતાવવામાં આવે છે. (કુર્આની ફેસલે : પેજ ૬૪)

૬. કુર્બાની તો ત્યાં ખાવા–પીવાનો સામાન તૈયાર કરવાનું સાધન હતું હવે ત્યાં જેટલા જાનવરો ઝબહ કરીને દબાવી દેવામાં આવે છે તેવું ન તો અલ્લાહ ચાહે છે અને ન તો કુર્બાનીનો હેતુ છે, ત્યાં પણ માલ વ્યર્થ કરવામાં આવે અને અહિંયા પણ. (કુર્આની ફેસલે : પેજ ૬૫)

**(૩૩) કુર્બાની :–**

૧. હજ ઈસ્લામી જગતની ઈન્ટર્નેશનલ કોન્ફ્રન્સનું નામ છે, આ કોન્ફ્રન્સમાં ભાગ લેનાર લોકોના ખાવા પીવા માટે જાનવર જુબહ કરવાનું વર્ણન કુર્આનમાં આવ્યું છે, બસ ! આ છે કુર્બાનીની વાસ્તવિકતા જે આજે કયાંથી કયાં ચાલી ગઈ ! (રિસાલએ કુર્બાની : પેજ ૩)

૨. કુર્આને કરીમમાં હજના વર્ણનના તાબા હેઠળ કુર્બાનીનું વર્ણન આવેલ છે, અરફાતના મેદાનમાં જયારે મિલ્લતના આ સર્વે હાજીઓ એક દ્રષ્ટિકોણ નક્કી કરી લેશે ત્યાર પછી મિના નામની જગ્યામાં બે ત્રણ દિવસ ઈજતેમા થશે જયાં અરસ પરસ ચર્ચા વિચારણા કરી તેની વિગતો નક્કી કરી

લેશે, આ ચર્ચા વિચારણાની સાથે અરસ પરસ દા'વતો પણ કરવામાં આવશે. આજે સવારે પાકિસ્તાન વાળાઓને ત્યાં, સાંજે અફગાનીયોને ત્યાં, આવતી કાલે સવારે સિરિયાવાસીઓના ત્યાં, એવી રીતે એક બીજાની દા'વતો થશે, આ દા'વતોમાં સ્થાનિક લોકોને પણ શામેલ કરી લેવામાં આવશે, માલદાર પણ, ગરીબ પણ; આ હેતુ માટે જે જાનવરો ઝબહ કરવામાં આવશે તે કુર્બાનીના જાનવર કહેવાશે. (કુર્આની ફેસલે : પેજ–૫૫)

**(૩૪) કુર્આને કરીમની તિલાવત :–**

સમજયા વગર કુર્આન પઢવાનો સવાબ મળે છે'' એ તદ્દન બિન કુર્આનીય અકીદો– માન્યતા છે, આ માન્યતા વાસ્તવિકમાં જાદુના યુગની યાદગાર છે. (કુર્આની ફેસલે : પેજ ૧૦૪)

**(૩૫) ઈસાલે સવાબ :–**

એનાથી તમે સમજી ગયા કે ઈસાલે સવાબનો અકીદો; અમલનો બદલો આપવાના અકીદાના કેટલો વિરૂધ્ધ છે જે ઈસ્લામનો બુનિયાદી અકીદો છે, ખુદા જાણે આ લોકોએ માન્યતાઓને કયાં કયાંથી લઈ લીધી ? જેને નાબૂદ કરવા કુર્આન આવ્યું હતું, અને એવી રીતે કે જયારે કુર્આન પણ પોતાના અસ્લી સ્વરૂપમાં તેઓની પાસે મોજૂદ છે, એનાથી વધારે ફેરફાર આકાશની આંખોએ ઓછો જોય હશે. (કુર્આની ફેસલે : પેજ ૯૮)

**(૩૬) દીનની દરેક ક્ષેત્રે તબ્દીલી થઈ ચુકેલ છે :–**

તે દીન જે અલ્લાહના રસૂલે લોકોને પહોંચાડયો હતો તેનો કયો ભાગ એવો નથી જેમાં તબ્દીલી ન થઈ ચુકી હોય ! (કુર્આની ફેસલે : પેજ–૬૬)

**(૩૭) બ્રાહ્મણ સમાજી મુસલમાન :–**

આ દરેક રંગની ખુદા પરસ્તીના રૂપમાં નેક અમલીનો માર્ગ બતાવનાર બ્રાહ્મણ સમાજિક મુસલમાનને શું ખબર કે કુર્આનની રૂએ ખુદા પરસ્તી કોને કહેવાય ? અને નેક અમલી શું છે ? (સલીમ કે નામ : ૨/૧૫)

**(૩૮) કુર્આનની રૂએ બધા મુસલમાન કાફિર થઈ ગયા :–**

એ જ વાસ્તવિકતાને કુર્આને સૂરએ આલે ઈમ્રાનમાં વધારે સ્પષ્ટતા સાથે વર્ણન કરેલ છે, જેમાં સર્વપ્રથમ એ બતાવવામાં આવ્યું કે ઈસ્લામનો માર્ગ શું છે ? અને નબીયો અલૈ.એ કેવી રીતે ઈસ્લામનો માર્ગ ગ્રહણ કર્યો ? તે પછી જાહેર રીતે એ વાસ્તવિકતા બયાન કરવામાં આવી કે સફળતા અને

કામયાબીનો માર્ગ એ જ છે;

وَمَنْ يَبْتَغِ غَيْرَ الْاِسْلَامِ دِيْناً فَلَنْ يُّقْبَلَ مِنْهُ وَهُوَ فِي الْاٰخِرَةِ مِنَ الْخَاسِرِيْنَ۔

અર્થાત :– જે લોકો તે માર્ગ અપનાવવાના બદલે અન્ય કોઈ માર્ગ અપનાવશે તો તેઓનો તે માર્ગ (ગ્રહણ કરવો) માન્ય રહેશે નહીં જેનું પરિણામ એ આવશે કે તેઓ છેવટે હલાક અને નાબૂદ થઈ જશે. (સૂરએ આલે ઈમ્રાન– ૮૫)

તે પછી મુસલમાનોનો ઈતિહાસ રજૂ કરવામાં આવ્યો, જેમાં બતાવવામાં આવ્યું કે " كَيْفَ يَهْدِى اللّٰهُ قَوْماً كَفَرُوْا بَعْدَ اِيْمَانِهِمْ" અર્થાત વારૂ, વિચારો તો ખરા ! ખુદા તે લોકોના જીવનના માર્ગો કેવી રીતે સરળ અને વિશાળ કરશે જે લોકોએ ઈમાન ગ્રહણ કર્યા પછી કુફ્રનો માર્ગ અપનાવ્યો છે. " وَجَآءَهُمُ الْبَيِّنَاتُ " અર્થાત જયારે કે તે લોકો માટે ખુદાનો સ્પષ્ટ આદેશ જીવન વિતાવવા માટે આવી ચુકયો હતો અને તેઓ પોતાની નરી આંખોએ નિહાળી ચુકયા હતા કે તેઓના રસૂલે તે જીવન પસાર કરવાના કાનૂનનું અમલી કરણ કરીને કેવી રીતે સ્થાપિત પરિણામો બતાવી ચુકયા હતા; તે સઘળુ પોતાની આંખે જોવા છતાં તે લોકોએ કુફ્રનો માર્ગ અપનાવી લીધો. "وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ " તો એવા અત્યાચારી લોકોને અલ્લાહ કેવી રીતે ભાગ્યશાળીનો માર્ગ બતાવે ! "اُوْلٰئِكَ جَزَاؤُهُمْ اَنَّ عَلَيْهِمْ لَعْنَةَ اللّٰه وَالْمَلٰئِكَةِ وَ النَّاسِ اَجْمَعِيْنَ " તેઓની આ પ્રવૃતિનું પ્રાકૃતિક પરિણામ એ આવ્યું કે એ લોકો તે સર્વે સફળતાઓથી વંચિત થઈ ગયા જે ખુદાઈ નિઝામને ગ્રહણ કરવાના પરિણામ રૂપે પ્રાપ્ત થઈ હતી અને તે સર્વે સુવિધાઓથી પણ વંચિત થઈ ગઈ જે પ્રાકૃતિક બળોને અંકુશમાં લાવવાના કારણે મળનાર હતી, એથી વધુ એ કે તેઓની તુચ્છતાના કારણે અન્ય લોકો તેઓને પોતાની પાસે આવવા દેતા નથી અને દૂર– અળગા રાખે છે "لَا يُخَفَّفُ عَنْهُمُ الْعَذَابُ وَلَا هُمْ يُنْظَرُوْنَ " એ કારણે કે તેઓએ પોતાનું નામ મુસલમાન રાખી લીધુ છે જેથી તેઓની આ તબાહીમાં કોઈ કાળે બાંધછોળ થઈ શકતી નથી, અને તેઓને એથી વધારે મેહતલ પણ આપવામાં આવી શકતી નથી, જેટલી મેહતલ ખુદાના કાનૂનમાં મેહતલ અને ઢીલ આપવાની છે.

**(૩૯) પરવેઝી શરીયતમાં માત્ર ચાર બાબતો હરામ છે :–**

**માત્ર ચાર વસ્તુઓ; મૃત્યુ પામેલ જાનવર, વહેતુ લોહી, સુવ્વરનું માસ, અને જે વસ્તુઓની નિસ્બત અલ્લાહના સિવાય અન્ય તરફ કરવામાં આવી હોય હરામ છે, તે સિવાય અન્ય કોઈ વસ્તુ હરામ નથી, આ કુર્આનનો સ્પષ્ટ ચુકાદો છે જેમાં લેશમાત્ર શંકા કરવાનું સ્થાન નથી પ્રચલિત ઈસ્લામમાં જે લાંબી અનુક્રમણિકા બતાવવામાં આવેલ છે તે માનવ સર્જિત છે.**

*(ફિત્નએ ઈનકારે હદીષ : પેજ ૨૯)*

## સમાપ્ત